**આંક–૧ તળે હુકમઃ–**

માન. ચેરમેનશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, બોટાદના માર્ગદર્શન હેઠળ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીગનું આયોજન કરવામાં આવેલ છે જેમાં આ કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે.

**(૧)** સાંભળ્યા, કેસ પેપર્સ ઘ્યાને લીધાં, તપાસ કરનાર અમલદાર ઘ્વારા તપાસના અંતે આરોપી વિરૂઘ્ઘ **એમ.વી.એકટની કલમ ૧૮૫** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)** આ કામની ફરીયાદ ઘ્યાને લેતા આરોપી ઘ્વારા ગુન્હો તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલો છે તથા આ કામે ચાર્જશીટ સાથે રજુ થયેલ ફોર્મ – "સી" જોવામાં આવે તો આરોપીનું બ્લડ તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ એફ.એસ.એલ. ખાતે પ્રાપ્ત થયેલ છે. આમ, આરોપીનું બ્લડ લીધા બાદ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. ને દિન–૭ માં મળેલ નહી હોવાનું સ્પષ્ટપણે જણાંય આવે છે.

**(૩)** ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ – ૧૯૫૯ ની કલમ –૪ તથા ૫ ઘ્યાને લેતા તે નીચે મુજબ છે.

**4 Manner of collection and forwarding of blood.**

**(1)** The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under rule 3 the syringe shall be sterilised by purring in boiling water before it is used for the aforesaid purpose. He shall clean with sterilized water and swab the skin surface of the part of such person's body from which

he intends to withdraw the blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c. c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.

**(2)** The sample blood collected in the phial in the manner stated in **sub-rule (1) shall be forward for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection.** It shall be accompanied by a forwarding letter in form 'B' which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.

**5 Certificate of test of sample blood.**

The Testing Officer shall on receipt of the sample blood, test it and shall certify the result of his test in Form 'C.'The Testing Officer shall send the certificate in

duplicate to the registered medical practitioner by whom the blood was forwarded to him for test and retain a copy thereof on his record. On receipt of the certificate from the Testing Officer, the registered medical practitioner shall forward the original copy of the certificate to the Police Officer or the Prohibition Officer concerned. The duplicate copy of the certificate shall be kept by him on his record.

આમ, ઉપરોકત જોવગાઈઓ ધ્યાને લેતા આરોપીનું બ્લડ લીધા બાદ દિન – ૭ માં એફ.એસ.એલ. ખાતે પરીક્ષણ અર્થે મોકલવાનું રહેતું હોય છે પરંતુ **હાલના કેસમાં ફોર્મ– "એ" તથા ફોર્મ–"સી" ધ્યાને લેતા આરોપીનું બ્લડ લીધા બાદ દિન – ૭ માં એફ.એસ.એલ. ખાતે પૃથ્થકરણ અર્થે મળેલ ન હોય જેથી હાલના કેસમાં ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ – ૧૯૫૯ ની કલમ –૪(૨) નો સ્પષ્ટપણે ભંગ થતો હોય તેવું જણાંય આવે છે.** વધુમાં નામ. એપેક્ષ કોર્ટના (1) 1997 (2) GLH 451, (2) 1969 GLR 847, (3) 1990 Criminal Law Reporter 367 (4) 1990(2) GLH 451, (5) 1991(2) Crimes 342, (6) 1995(2) HLH 933, (7) AIR 1967(Gujarat) 219 ના ચુકાદાઓ માનસહ વંચાણે લેતા ઉપરોકત ચુકાદાઓ હાલના કેસને લાગુ પડે છે.

(૪) આમ, ધી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ – ૧૯૫૯ ની કલમ –૪ તથા ૫ તથા નામ. એપેક્ષ કોર્ટના ચુકાદાઓ

ધ્યાને લેતા, ફરીયાદપક્ષ ધ્વારા બ્લડ ટેસ્ટ રૂલ્સની મેન્ડેટરી જોગવાઓનું પાલન થયેલ નથી. જેથી ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આરોપી સામે ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુન્હો પુરવાર થઈ શકે તેમ ન હોય, આરોપી સામે ચાર્જ ફ્રેમ કરવા લાયકનો કેસ ન હોય, સી.આર.પી.સી. ર૩૯ ના પ્રબંધો ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**— :: હુ ક મ :: —**

**(૧)** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ર૩૯ અન્વયે એમ.વી.એકટની કલમ ૧૮૫ મુજબના ગુન્હાના કામે ડીસ્ચાર્જ કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** મુદ્દામાલ બાબતે વચગાળાના તબકકે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે, જો વચગાળા તબકકે હુકમ કરવામાં આવેલ ન હોય તો તે બાબત ઈન્કવાયરી કરી મુદ્દામાલ સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીગ મા તારીખ–૦૯ મી માહે–માર્ચ સને– ૨૦૨૪ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

**(અરૂણ જ્યોતિષ વાસુ)**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગઢડા, કોડ નં. જીજે–૦૧૩૯૭

તારીખઃ–૦૯/૦૩/ર૦ર૪
સ્થળ :–ગઢડા.